ગાંધીનગર સમાચાર
તા. ૧૩-૬-૨૦૧૩, ગુરુવાર

## તંત્રી સ્થાનેથી.....

### પ્રાથમિક શિક્ષણ પ્રત્યેક બાળકનો જન્મસિદ્ધ અધિકાર

રાજકીય સંઘર્ષ પરાકાષ્ઠાએ પહોંચ્યો હોય ત્યારે પણ રાજકીય ફરજ પ્રત્યે ધ્યાન કેન્દ્રિત કરી નિર્ધારિત કાર્યક્રમો મુજબ કાર્યરત રહેવું એ લોકપ્રિય નેતાનું ઉમદા લક્ષણ ગણાય. નરેન્દ્ર મોદીએ દિલ્હીમાં ચાલેલા રાજકીય તોફાનથી વિચલિત થયા વગર પશુપાલકોનું વિશાળ સંમેલન પાર પાડ્યું અને હવે આગામી ચાર દિવસ સુધી એમનું આખેઆખું મંત્રીમંડળ તથા સચિવાલય શાળા પ્રવેશોત્સવના ઉત્સવમાં જોતરાશે. શાળા પ્રવેશોત્સવ નાનાં ભૂલકાં માટે એમના વાલીઓ માટે એક યાદગાર ટાણું બની રહે છે. તે દિવસે બાળકો શુકન જોઈને શુભમંગલ પોશાકમાં શાળા પ્રવેશ કરે છે. એમનું સ્વાગત કરવા માટે શિક્ષકો ઉપરાંત ગામ આગેવાનો અને મોટા અધિકારીઓ હાજર હોય, વાજતે ગાજતે એમનાં વધામણાં થાય, એમનું મોં મીઠું કરાવી એમનું નવું સત્ર શરૂ થાય- તે પ્રથા ખરેખર આવકારદાયક છે. આ એક પ્રકારની સરસ્વતીપૂજા જ ગણાય. ઉત્તર ભારતમાં વસંત પંચમીને સરસ્વતીપૂજાના પર્વ તરીકે ઉજવવાની પ્રથા છે. બિહારમાંથી સૌથી વધુ સંખ્યામાં સનદી અધઈકારીઓ બહાર પડે છે. એના પાયામાં આ સરસ્વતીપૂજાના સંસ્કાર છે. વિદ્યાની અધિષ્ઠાત્રી તરીકે યુગોથી સર્વમાન્ય લોકમાતાના પૂજન-અર્ચનથી દેશની બિસાંપ્રદાયિકતાને આંચ થોડી આવશે? ઊલટાનાં બાળકો પોતાના ભવ્ય અને ભાતીગળ વૈભવ-વારસાથી સુપરિચિત થશે. એ દૃષ્ટિએ ગુજરાત સરકારનો શાળા પ્રવેશોત્સવ એક લોકોપયોગી સંસ્કાર કાર્યક્રમ છે. ખુદ મુખ્યમંત્રીશ્રી એમની અનુકૂળતા મુજબ રાજયની કોઈ પ્રાથમિક શાળામાં પહોંચી જઈ ભૂલકાંને ભણાવે છે ત્યારે એના રોમાંચની પરાકાષ્ઠા જોવા મળે છે. પરંતુ એક તરફ શાળા પ્રવેશોત્સવનો ભવ્ય કાર્યક્રમ થતો હોય અને બીજી તરફ ગરીબ વર્ગનાં માતાપિતાને એમનાં બાળકોને શાળાએ મોકલવાનું પોસાતું ન હોય, એના કિસ્સા પણ જોવા મળે છે. અધૂરા ભણતરે બાળકોને ઉઠાડી દેવાય છે; બે ટંકના રોટલા માટે એમને બાળમજૂરીમાં જોતરવાની ફરજ પડે છે. આથી પેલો 'ડ્રૉપ આઉટ રેશિયો' ઘટતો નથી. સરકારે આ મુદ્દે વધારે સઘન પ્રયત્નો કરવાની જરૂર છે. જયાં સુધી છેવાડાના માનવીનું બાળક શાળામાં પૂરી હાજરી ન આપી શકે ત્યાં સુધી તંત્ર દ્વારા રાજય સરકારની પ્રશસ્તિના પુલ બાંધવાના તમામ ઉપક્રમો નિષ્ફળ જ લેખાશે. કેન્દ્ર સરકારે શિક્ષણને નાગરિકનો મૂળભૂત અધિકાર ગણતો કાયદો- 'રાઈટ ટુ એજ્યુકેશન' અમલી બનાવ્યો હોય ત્યારે ગુજરાત જેવા સુવિકસિત રાજયમાં લાખો બાળકો ચાની કીટલી પર કે હોટલોમાં એંઠાં ઠીબરાં ધોતાં હોય એ શું આપણા કપાળ ઉપરની કાળી ટીલી નથી? અંતરિયાળ ગ્રામીણ વિસ્તારોની સરકારી શાળાઓ બંધ કરવાની પરિસ્થિતિ ઊભી થાય તે શું સરકાર માટે શરમજનક બાબત નથી? છોકરાં પેદા તો ઢગલાબંધ થતાં રહે છે. તો પછી એ શાળાએ કેમ નથી આવતાં? ગરીબમાં ગરીબ માણસ પણ એનાં બાળકોને સરકારી શાળામાં મૂકતાં બે વાર વિચાર કરતો હોય તો એની પાછળ કંઈક કારણ તો હશે જ! પેટે પાટા બાંધીને મા-બાપ એમનાં દેવનાં દીધેલાંને ઉત્તમોત્તમ શિક્ષણ અપાવવા મથે છે. તેઓ મોંઘીદાટ ખાનગી શાળાઓમાં બાળકોને દાખલ કરી એમને એક સલામત ભવિષ્યની ખાતરી આપવા કોશિશ કરે છે. સરકારે આવી પ્રાઈવેટ શોષણખોર શિક્ષણ સંસ્થાઓને જાણે છૂટો દોર આપી દીધો છે. સરકાર શિક્ષણ પાછળ અબજો રૂપિયા વેડફે છે એનો કોઈ જ લાભ પ્રજાને મળતો નથી. મોટા ભાગની રકમ શિક્ષકોના પગારમાં અને શાળાનાં મકાનો પાછળ ખરચાય છે. ખરું જોતાં દરેક શાળાને એક સુનિશ્ચિત લક્ષ્યાંક આપવું જોઈએ. સરકારી શાળા ખાનગી શાળા કરતાં સવિશેષ સુવિધાપૂર્ણ લાગવી જોઈએ. એના શિક્ષકોની ગુણવત્તાની સમયાંતરે ચકાસણી થવી જોઈએ. એને બદલે આપણે ત્યાં બધું જ રામભરોસે ચાલતું રહે છે. વચ્ચે સો વિદ્યાર્થીઓથી ઓછી સંખ્યા ધરાવતી હજારો શાળાઓ બંધ કરવાની દરખાસ્ત આવી હતી. આ જ સ્થાનેથી એની આકરી ટીકા કરવામાં આવી હતી. સાંભળ્યું છે કે એ દરખાસ્ત પડતી મુકાયેલ છે. સરકાર ફકત વાજાં વગાડીને શાળા પ્રવેશોત્સવ ઊજવી ઊંઘી જાય તો કશો અર્થ સરશે નહીં. એ પછીના શિક્ષણનું સતત મૉનિટરિંગ એટલું જ જરૂરી છે. પ્રાથમિક શિક્ષણ એ દેશના કોઈપણ બાળકનો જન્મસિદ્ધ અધિકાર છે.

# આજથી રાજ્યભરમાં શાળા પ્રવેશોત્સવ

ગાંધીનગર, તા. ૧૨

ગુજરાતે સતત ૧૧ વર્ષથી જ્ઞાનના ઉજાસથી સમાજને -કાશિત કરવાના ધ્યેય સાથે શાળા -વેશોત્સવ યોજીને ઉત્કૃષ્ટ પરિણામો હાંસલ કર્યા છે. શિક્ષણ સુધારણાના આ જનઆંદોલન દ્વારા ગુજરાતે -થમિક શિક્ષણ ક્ષેત્રે જે સર્વાંગી વિકાસ સાધ્યો છે તે સમગ્ર દેશ માટે રાહ ચીંધનારો બન્યો છે.

મુખ્ય મંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આઝાદી બાદ પચાસ વર્ષો સુધી ઉપેક્ષિત રહેલાં -થમિક શિક્ષણના સાર્વત્રિક ઉત્કર્ષ માટે દાયકા પહેલાં શાળા -વેશોત્સવ દ્વારા સો ટકા નામાંકનના ધ્યેયને સિદ્ધ કરવા એક જનઆંદોલન ઉપાડયું. જેના પરિણામે આજે ગુજરાતમાં -થમિક શાળાના ધો. ૧ થી ૭ના ડ્રૉપ આઉટ રેટમાં ૨૨ ટકા જેટલો ઘટાડો થઈ શકયો છે.

આ વર્ષે શાળા -વેશોત્સવ કાર્યક્રમ ગ્રામ્ય વિસ્તાર માટે તા. ૧૩ થી ૧૫ જૂન તેમજ શહેરી વિસ્તાર માટે તા. ૨૦ થી ૨૨ જૂન દરમિયાન યોજાશે. આ -વેશોત્સવ અને કન્યા કેળવણી રથયાત્રામાં મુખ્ય મંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી સહિત મંત્રીમંડળના સદસ્યો પદાધિકારીઓ ઉપરાંત વરિષ્ઠ અધિકારીઓ જોડાશે અને નામાંકનપાત્ર બાળકોને શાળા -વેશ માટે ઉત્સાહિત કરશે.

ગુજરાત રાજયમાં -થમિક શિક્ષણને ગુણવત્તાસભર બનાવવા છેલ્લા દાયકાથી જે જનઆંદોલન શરૂ થયુંછે તેના શ્રેષ્ઠ પરિણામો પણ મળ્યાં છે. છેલ્લા એક દાયકામાં રાજયની તમામ શાળામાં વીજળીકરણ થઈ ગયું છે. તમામ સરકારી શાળાઓના વીજળીના બીલોની સો ટકા રકમ રાજય સરકાર ચૂકવે છે. રાજયની શાળાઓમાં એક લાખથી વધુ વર્ગખંડો અને ૭૧ હજારથી વધુ સ્વચ્છતા સંકુલોનું બાંધકામ કરવામાં આવ્યું છે. રાજયની ૨૦,૫૦૦ શાળાઓને કોમ્પ્યુટર લેબની સુવિધા મળી છે.

રાજયની -થમિક શાળાઓમાં આવી શ્રેષ્ઠ માળખાગત સુવિધા ઉપરાંત શિક્ષકોની ઘટને પહોંચી વળવા રાજયમાં ૧ લાખ ૩૩ હજારથી વધુ વિદ્યા સહાયકોની ભરતી કરવામાં આવી છે. જેના કારણે શિક્ષણની ગુણવત્તામાં સુધારો તો થયો છે સાથેસાથે ડ્રૉપ આઉટ રેટમાં પણ ઘટાડો થયો છે.

વર્ષ ૨૦૦૩-૦૪માં ધો. ૧ ૫ માં ડ્રૉપઆઉટ રેટ ૧૭.૮૩ ટકા હતો તે ઘટીને વર્ષ ૨૦૧૨-૧૩માં ૨ ટકા જેટલો થયો છે. આ જ રીતે ધો. ૧ થી ૭નો ડ્રૉપ આઉટ રેટ ૩૩.૭૩ ટકાથી ઘટીને ૭ ટકા થયો છે. રાજય સરકાર ઝીરો ડ્રૉપ આઉટ રેટના લક્ષ્યાંક સાથે શિક્ષણ સુધારણા માટે ભગીરથ પુરૂષાર્થ કરી રહી છે.

મુખ્ય મંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કન્યા કેળવણીને -ધાન્ય આપીને ખાસ કન્યા કેળવણી અભિયાન ઉપાડયું છે. મુખ્ય મંત્રીશ્રીને મળેલી ભેટ-સોગાદોની હરાજી કરીને મળતી રકમ દ્વારા કન્યા કેળવણી નિધિ રચવામાં આવી છે. જે અંતર્ગત ૫૦ હજારથી વધુ લાભાર્થી કન્યાઓને રૂ. ૨૧ કરોડથી વધુની સહાય ચૂકવવામાં આવી છે. રાજય સરકારે કન્યા કેળવણીને -ોત્સાહન આપ્વાના ભાગરૂપે વિદ્યાલક્ષ્મી બોન્ડ યોજના શરૂ કરી હતી. આ યોજના અન્વયે નિયત ગામોમાં ધો. ૧માં -વેશ મેળવતી દરેક કન્યાને રૂ. ૧૦૦૦ની કિમંતના વિદ્યાલક્ષ્મી બોન્ડ આપવામાં આવતાં હતાં. આ સહાયને બમણી કરીને હવેથી દરેક કન્યાને રૂ. ૨૦૦૦ના વિદ્યાલક્ષ્મી બોન્ડ આપવાનું રાજય સરકારે નક્કી કર્યું છે. રાજયમાં અત્યાર સુધીમાં ૧૩ લાખથી વધુ લાભાર્થી કન્યાઓને રૂ. ૧૪૯ કરોડથી વધારે રકમના વિદ્યાલક્ષ્મી બોન્ડની ચુકવણી કરવામાં આવી છે. કન્યા કેળવણી માટેના આ તમામ અભિયાનની ફલશ્રૃતિ પણ મળી છે. જે મુજબ સ્ત્રી સાક્ષરતા દરમાં ઘણો વધારો કરી શકાયો છે. દાયકા પહેલાં સ્ત્રી સાક્ષરતા દર ૫૭.૮૦ ટકા હતો તે વધીને આજે ૭૧ ટકા જેટલો થયો છે.

રાજયના -થમિક તેમજ માધ્યમિક શાળામાં ભણતા બાળકોના અકસ્માતે મૃત્યુના કિસ્સામાં વિદ્યાદીપ યોજના અન્વયે માતા-પિતા કે વાલીને વીમા સહાય પણ ચુકવવામાં આવે છે. આ વીમા યોજનાનું ૧૦૦ ટકા -ીમીયમ રાજય સરકાર ચૂકવે છે.

રાજય સરકાર માત્ર શૈક્ષણિક સુવિધા ઉભી કરીને સંતોષ માનવાને બદલે ગુણવત્તાયુક્ત શિક્ષણ ઉપર ભાર મુકે છે તેના કારણે જ સમગ્ર દેશમાં ગુજરાત એકમાત્ર એવું રાજય છે કે જયાં ગુણોત્સવ દ્વારા શાળાઓનું શૈક્ષણિક મૂલ્યાંકન થાય છે. ધો. ૨ થી ૮ની રાજયની ૩૪ હજાર જેટલી શાળાઓ અને ૫૩ લાખ બાળકોનું મૂલ્યાંકન થાય છે.



સરસ્વતી વિદ્યાલય સેકટર-૬-બી ખાતે શાળાના નવા સત્રના પ્રારંભિક દિવસમાં વરસાદી વાતાવરણમાં વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં શાળાના પટાંગણમાં અતિ ગુણકારી લીમડાના છોડનું આરોપણ કરી વર્ગ દીઠ બાળકો દ્વારા છોડના ઉછેરની જવાબદારી સ્વીકારાઈ હતી. (તસવીર : સુરેશ પટેલ)

### અમદાવાદ જિલ્લામાં ત્રિદિવસીય શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમનો આજથી પ્રારંભ

અમદાવાદ જિલ્લામાં તા. ૧૩, ૧૪, ૧૫ જૂન-૨૦૧૩ દરમિયાન ગ્રામ્ય વિસ્તારમાં શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમનો પ્રારંભ થશે. અમદાવાદ જિલ્લામાં શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ દરમિયાન ૧૦,૨૩૬ કુમાર અને ૯,૬૫૭ કન્યા સહિત કુલ ૧૯,૮૯૩ બાળકોને ધો. ૧માં શાળા પ્રવેશ આપવામાં આવશે. જિલ્લામાં ૫૭ કુમાર અને ૪૮ કન્યા સહિત કુલ ૧૦૫ વિકલાંગ બાળકો તેમજ ૧૩ બાળકોને પુનઃ શાળામાં પ્રવેશ અપાશે. અમદાવાદ જિલ્લામાં પુરૂષ સાક્ષરતા દર ૮૭.૩૧ ટકા જ્યારે સ્ત્રી સાક્ષરતા દર ૭૦.૮૩ ટકા છે. જિલ્લાનો કુલ સાક્ષરતા દર ૭૯.૫૦ ટકા છે. અમદાવાદ જિલ્લામાં વર્ષ ૧૧-૧૨નો ડ્રોપઆઉચટ રેટ ૨.૬૬ ટકા રહ્યો છે.



પ્રવેશોત્સવ - ગાંધીનગરની જાણીતા શાળા સેંટ ઝેવિયર્સ ખાતે શાળામાં પ્રથમ વખત બાળકોને કુમકમ તિલક કરી, સાકરથી મો-મીઠું કરાવી વિદ્યારંભ કરાવ્યો હતો.

## સે-૨૧ જીમખાના અને થનગનાટ સંસ્થાના ઉપક્રમે અનુપ જલોટાનો સંગીતમય કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગર સચિવાલય જીમખાના સેકટર-૨૧ અને શહેરની જાણીતી કલા સંસ્થા થનગનાટ દ્વારા દેશના પ્રસિદ્ધ ભજન અને ગઝલ ગાયક અનુપ જલોટાના સંગીતમય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

સચિવાલય જીમખાના સેકટર-૨૧ અને કલા સંસ્થાના થનગનાટના સંયુકત ઉપક્રમે આયોજીત આ કાર્યક્રમ તા. ૧૬મી જૂન ૨૦૧૩ને રવિવારના રોજ રાત્રે ૯-૦૦ કલાકે ફનવર્લ્ડ ખાતે સુપ્રસિધ્ધ ભજન અને ગઝલ ગાયક અનુપ જલોટાના સુરીલા કંઠે સંગીતમય સૂરોની સૂરાવલી લહેરાવશે. સચિવાલય જીમખાનાના દરેક સભ્યને બે પાસ તેમના રહેઠાણ ઉપર કુરીઅર દ્વારા મોકલી આપવાની વ્યવસ્થા કરવામાં આવી છે તેમ છતાં જો કોઈ સભ્યને તા. ૧૪મી જૂન ૨૦૧૩ સુધી પાસ ન મળે તો તેઓએ તા. ૧૫મી જૂન ૨૦૧૩ના રોજ સવારે ૭.૩૦થી ૯.૩૦ અને સાંજે ૬.૩૦થી ૮ દરમિયાન તેમજ ૧૬ જૂન ૨૦૧૩ના રોજ સવારે ૭.૩૦ થી ૯.૩૦ દરમિયાન જીમખાના કાર્યાલય ખાતેથી સભ્ય તરીકેની ઓળખ આપી મેળવી લેવા તેમ જીમખાનાના માનદમંત્રી એચ.ડી. સેઈલરે જણાવ્યું છે. તેમજ સભ્ય રૂબરૂ ન આવી શકે તો જીમખાનાનું કાર્ડ તેમજ માન્ય ફોટો આઈડી કાર્ડ સાથે અન્ય વ્યકિત દ્વારા પણ પાસ મેળવી શકે છે.

## જિલ્લા રોજગાર વિનિમય કચેરી દ્વારા ઔદ્યોગિક ભરતી મેળાનું આયોજન

ગાંધીનગર, તા. ૧૨

જિલ્લા રોજગાર વિનિમય કચેરી ગાંધીનગર દ્વારા સ્વામી વિવેકાનંદ યુવા રોજગાર સપ્તાહ અંતર્ગત ઔદ્યોગીક ભરતી મેળાઓનું આયોજન કરવામાં આવ્યું હતું. બીજા તબક્કામાં ૨૭મી મે થી ૧લી જૂન દરમ્યાન ગાંધીનગર, માણસા અને કલોલ ખાતે ભરતી મેળા યોજાયા હતા.

ગાંધીનગર જી.આઈ.ડી.સી. સેક્ટર-૨૫માં ૨૭મી મે ના રોજ યોજાયેલા ભરતીમેળામાં ૨૬૭ ઉમેદવારોને તથા ૨૮મી મે એ જી.આઈ.ડી.સી. સેક્ટર-૨૮માં, ૨૯મીએ માણસા જી.આઈ.ડી.સી.માં, ૩૦મીએ દહેગામ જી.આઈ.ડી.સી.માં, ૩૧મીએ છત્રાલ જી.આઈ.ડી.સી.માં તથા ૧લી જૂને કલોલ જી.આઈ. ડી.સી.માં અનુક્રમે ૧૮૭, ૨૬૧, ૧૭૩, ૩૧૭ અને ૧૩૩ જેટલા ઉમેદવારોને ખાનગી એકમોમાં નોકરી માટે પસંદ કરવામાં આવ્યા છે. ઔદ્યોગિક ભરતી મેળાના ત્રીજા તબક્કામાં આજે અને આવતીકાલે તા. ૧૩મી જૂનના રોજ ભરતી મેળો યોજાઈ રહ્યો છે. જેમાં રોજગાર વાચ્છુઓને ગાંધીનગર જિલ્લાની રોજગાર કચેરીએ આજે સવારે ૧૧ થી ૨ દરમિયાન અસલ પ્રમાણપત્રો, નકલો અને રોજગાર કચેરીના કાર્ડ સાથે સ્વખર્ચે હાજર રહેવા રોજગાર અધિકારી એસ.ઓ. અમીને જણાવ્યું છે.

## 'મોલ કલ્ચરે' તો આપણા 'શોપિંગ કલ્ચર'ની પથારી ફેરવી નાખી છે, ન ભાવ પૂછવાનો, ના રકઝક કરવાની... ખરીદીનો આનંદ છીનવી લીધો છે...' લાલાકાકા ઉવાચ

### ગુરૂવારની ગપસપ

- પ્રકાશ લાલા

રજા શનિવારની સાંજે અમે હાથમાં ડોલચું થેલી ને ગજવામાં શ્રીમતીજીએ ખરીદી માટે આપેલું લીસ્ટ લઇને શોપિંગ સેન્ટરની સફરે જઇ રહ્યા હતા. ત્યાં અચાનક અમારા કાને રેડઅંકલની હાઇ વોલ્યુમ પીપ.. પી.. સંભળાઇ : "કાં પનુભાઇ, એકલા એકલા કયાં ઉપડયા છો? પકડાઇ ગયા ને!"

જાણે અમે સજ્જન માણસ થઇને લખાઇ છુપાઇને કોઇ અંગ્રેજી એડલ્ટ ફિલ્મ જોવા થિયેટરમાં ઘૂમતા હોઇએ ને પકડી પાડ્યા હોય એમ લાલાકાકાએ અચાનક કયાંકથી ફૂટી નીકળા, રસ્તા વચ્ચે બૂમ પાડી અને પછી અમારી સામે આવી ઊભા રહ્યાં.

હાથમાં થેલી-ડોલચું અને અમારી યાત્રાની દિશા જોઇને નાનું છોકરૂં પણ સમજી શકે કે અમે બગીચામાં લટાર મારવા કે રેસ્ટોરેન્ટમાં નાસ્તો કરવાં નહીં પણ ઘર જરૂરી સામાન ખરીદવા શોપિંગ સેન્ટર જઇ રહ્યા છીએ છતાં આદત સે મજબૂર અંકલે પાસે આવીને પોતાના પ્રશ્નનું હાઇ વોલ્યુમમાં પુનરાવર્તન કર્યું :

"કયાં ઉપડ્યા પનુભાઇ?"

"શોપિંગે, અંકલ... તમેય ત્યાંતી જ આવતાં લાગો છો!" લાલાકાકાએ હાથમાં પકડેલી થેલીમાંથી બહાર ડોકિયાં કરતી દૂધી અને સરગવાની સીંગો જોઇ સમજાઇ ગયું હતું.

"વાહ, પનુભાઇ... તમારામાં સાબુ ખારા પ્રમાણમાં છે..." અંકલે મજાક કરી : "અમારી થેલી અને તેમાંથી ડોકાતી શાકભાજી જોઇ તમે ફટ દઇને સમજી ગયા કે અમે શોપિંગેથી ખરીદી કરીને આવી રહ્યાં છીએ..."

"અંકલ, અમારામાં તો સાબુ કહેતાં સામાન્ય બુદ્ધિ છે ને અમે એનો ઉપયોગ કરીએ છીએ પરંતુ તમે અમારા હાથમાં થેલી-ડોચલું જોઇને અમે કયા જઇએ છીએ એ સમજી ના શક્યા ને પૂછો છો 'કે કયાં ઉપડ્યા?' એટલે તમારા સાબુના જથ્થા વિશે શંકા જાય છે..." અમેય મજાક કરી.

એટલે "આ તો આદત સે મજબૂર... પનુભાઇ" કહેતા લાલાકાકા "હો... હોં... હોં..." કરતાં હાઇ વોલ્યુમમાં હસી પડ્યા. અને પછી ઉમેર્યું : "પનુભાઇસ દુનિયામેં આયે હૈ તો જીના હી પડેગા એમ ઘરગૃહસ્થી બસાઇ હૈ તો શાકભાજી - દાનાપાની ખરીદને કો જાના હી પડેગા..."

"રાઇટ અંકલ... અમનેય હોમ મિનિસ્ટરનો ઓર્ડર થયો એટલે નીકળવું પડ્યું છે..."

"એ તો ભાઇ, પરાણે એ બધાય પત્નીને શરણે... ખરૂંને?"

"હા.. કાકા, ચાલો ત્યારે..." કહી અમે અંકલની વિરૂદ્ધ દિશામાં શોપિંગ સેન્ટર તરફ પગ ઉપાડ્યા...

"અરે ઊભા રહો... હું તમને કંપની આપું..." કહેતા કાકા એબાઉટર્ન થઇ અમારી સાથે ચાલવા લાગ્યા.

"પણ અંકલ, તમે તો ખરીદી કરીને આવ્યા છો... પાછા.." અમે પૂછ્યું.

"તમને વાંધો છે? તમારી સાથે આવીશ તો જરા વાતચીત થશે... મોડું થશે તો મારે થશે.., પગ દુખશે તો મારા દુઃખશે.., હાથમાં થેલી ઉંચકીને ફરીશ તો હાથ મારા દુઃખશે... પનુભાઇ, આમાં તમને કંઇ નુકશાન છે?" અમારા એક પ્રશ્નના ઉત્તરમાં અંકલે પ્રશ્નોની 'કયુ' લગાડી દીધી.

"તમારી ઉરાંગઉટાંગ વાતોથી માથું દુઃખશે તો અમારૂં દુઃખશે ફક્ત એ વાંધો છે.." એવું કહી દેવાનું મન થઇ આવ્યું પણ સમાજમાં - દુનિયામાં વ્યવહારોમાં સામાન્ય રીતે મનમાં ઓવ કે દિલમાં લાગે એ બધું બોલી શકાતું નથી. અરે, અહીં તો જે લાગે એનાથી ઉલ્ટું - સારૂં લાગે તેવું બોલવું પડતું હોય છે... હાથીનાં દાંત ચાવવાના ને બતાવવાના જુદા જેવો ખેલ કરવો પડે છે. એ ન્યાયે અહીં પણ અમે મનની વાત મનમાં દબાવી, મોં પરાણે હલતું રાખી કહ્યું : "અરે કાકા, વાંધો શું હોય, હેં? તમે આવશો તો મજા આવશે. ખરીદીમાં તમારા અનુભવનો અને આવડતનો લાભ મળશે તો હું છેતરાઇશ નહીં... ચાલો..."

અમારી સવારી શોપિંગ સેન્ટર તરફ ઉપડી. વાતોમાં ને વાતોમાં અમે કરિયાણાવાળાની દુકાને પહોંચી ગયા. અમે ગજવામાંથી લીસ્ટ કાઢી દુકાનદારને પકડાવ્યું એટલે એણે વસ્તુઓ કાઢવા માંડી. એ જોઇ અંકલ બોલ્યા : "પનુભાઇ, આજકાલ તમારા જેવી સ્ટાઇલના કારણે ખરીદી કરવાની મજા જ નથી રહી... એમાંય પનુભાઇ, આ નવા મોલ કલ્ચરે તો આખું શોપિંગ કલ્ચર વેરવિખેર કહી નાખ્યું છે... દરેક વસ્તુ ઉપર કિંમત લખી હોય એટલે નહીં ભાવ-તાલ કરવાનો નહીં કિંમત ઓછી કરવાની રકઝક...બસ જે જોઇએ તે ભાવની ચપતરી વાંચી પરવડે તો નાખો બોસ્કેટમાં.. હં.. 'મોલ' માં હવે કોઇ ચીજનો મોલ કરવાની તક જ નહીં પહેલાં જેવી ખરીદારીની મોજ જ નથી રહી હવે."

"અને અંકલ, 'મોલ'ની મજા નહીં પણ સજા ખબર છે... પહેલાં આપણે દુકાનદાર પાસેથી જે જોઇએ તે માંગીને ખરીદતા... 'મોલ'માં તો બધું સરસ ડિસ્પ્લેમાં પડયું હોય એટલે ના જોઇતું હોય, જરૂરી ના હોય તો ય બાસ્કેટમાં મૂકાઇ જાય..." અમે અંકલની વાતમાં સૂર પુરાવ્યો...

એટલામાં એક ઉંમર લાયક ભાઇ હાથમાં બોક્ષ અને ચબરખી સાથે દુકાન પાસે આવ્યા ને અમને ચબરખી પકડાવી સરનામું બતાવવા કહ્યું... ત્યાં જ એમની નજર લાલાકાકા ઉપર પડી એટલે આનંદથી બોલી ઊઠ્યા : "અરે લે.. લે... લાલભાઇ, તમે અહીં જ છો..? સારૂં થયું તમે મળી ગયા નહીં તો તમારૂં ઘર શોધતાં શોધતાં દમ નીકળી જાત... સોમવારે અહીં એક પ્રસંગમાં આવવાનું હતું એટલે થયું કે બે દિવસ પહેલાં જઇ તમારે ત્યાં રહીશું ને ગાંધીનગર જોઇશું..."

એ રેડઅંકલના મહેમાન હતા. એમને જોઇ અંકલનો 'મૂડ ઓફ' થઇ ગયો... પેલા વડીલે દૂર સામાન સાથે ઉભેલાં એમનાં પત્નીને આનંદભરી બૂમ પાડી : "હવે ફરવું નહીં પડે... લાલભાઇ અહીં જ મળી ગયા છે..."

ને પછી એ સામા જ પત્ની પાસે ગયા.

કાયમ બીજાના જ મહેમાન બનવા માટે ટેવાયેલા લાલાકાકા અચાનક આવી પડેલા મહેમાનને જોઇ ઢીલાઢબ થઇ ગયા હતા. એ બોલ્યા : "પનુભાઇ, આમને શું કહેવાય, ખબર છે?"

"હા, કાકા, મહેમાન... ગેસ્ટ..."

"ના.. અતિથિ.. જેમના આવવાની કોઇ તિથિ - તારીખ નક્કી ન હોય ને અચાનક ટપકી પડે તે. મહેમાન નહીં... અતિથિ... ગેસ્ટ નહીં, ઘોસ્ટ!!" અંકલે કટાણું મોં કરી કહ્યું...

અમે કરિયાણાવાળાની દુકાનના કાઉન્ટર પર પડેલી બરણીમાંથી એક ચોકલેટ કાઢી રેડઅંકલને આપતાં કહ્યું, : "લાલાકાકા, લો આ ચોકલેટ ખાવ... ને મનમાં જાગેલી કડવાશ કાઢી નાખો... ને ગાવ કે 'મહેમાન જો હમારા હોતા હૈ વો જાન સે પ્યારા હોતા હૈ..."

"હા સ્તો.. પનુભાઇ, સંસાર માંડ કે બૈઠે હૈ તો મહેમાન કી આગતા સ્વાગતા તો કરની હી પડેગી ને!!" કહેતાં અંકલે સામાન અને પત્ની સાથે પાસે આવી પહોંચેલા પોતાના મહેમાનને કહ્યું : "ચાલો.. પધારો મારે ઘરે રે..."

જો કે એ સમયે એક તરફ રેડ અંકલનું મુખારવિંદ ચીડ-ગુસ્સાના કારણે 'રેડ રેડ' થઇ ગયું હતું અને બીજી તરફ, ફોટો પડાવતી વખતે ફોટોગ્રાફર 'સ્માઇલ પ્લીઝ' કહ્યું હોય ને ચહેરા ઉપર ફરજિયાત હાસ્ય છલકાવતા હોય એવો એમના ચહેરાનો ભાવ જોઇ અમને હસવું આવી ગયું કે 'ઠીક ફસાયા લાલાકાકા!!'

**ફોટોગ્રાફર 'સ્માઇલ પ્લીઝ' કહેને જેમ ફરજિયાત હસવું પડે તેવું મોં કરી રેડઅંકલે અચાનક ટપકી પડેલા મહેમાનને આવકાર્યા**